1. સિંધુ સંસ્કૃતિમાંથી પ્રાપ્ત મુદ્રાઓની ઉપર નીચે પૈકી કયા પશુના અંકન સૌથી વધુ પ્રમાણમાં મળે છે ?

(A) ખૂંધવાળો બળદ
(B) એકશૃંગી પશુ
(C) કુક્કર
(D) ઘોડો

2. નીચેના પૈકી ઋગ્વેદના કયા સૂક્તમાં જગતની ઉત્પત્તિ સંબંધી સુંદર વર્ણન કરવામાં આવ્યું છે ?

(A) નાસદીય સૂક્ત
(B) સોમસૂક્ત
(C) પુરૂષસૂક્ત
(D) ધર્મસૂક્ત

3. શામળાજીના પ્રાચીન મંદિરના પ્રાંગણમાં આવેલું તોરણ દ્વાર કયા નામે ઓળખાય છે ?

(A) કીર્તિ તોરણ
(B) પ્રવેશ ચોકી
(C) શૃંગાર ચોકી
(D) હરિશ્ચંદની ચોરી

4. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં ગુજરાત-સૌરાષ્ટ્રનો સુબો (માંડલિક) કોણ હતો ?

(A) તુશાષ્પ
(B) પુષ્યગુપ્ત
(C) સ્કંદગુપ્ત
(D) વિશાલ્ય

5. 'ખૂબ લડી મર્દાની, વહ તો ઝાંસી વાલી રાની થી'ની રચના કોણે કરેલી છે ?

(A) સુમિત્રાનંદન પંત
(B) મહાદેવી વર્મા
(C) સુભદ્રાકુમારી ચૌહાણ
(D) ચંદ્રિકા દત્ત

6. 'વિવેકાનંદ રોક મેમોરિયલ' નામનું સ્મારક નીચેના પૈકી કયા એક સ્થળ પાસેના સમુદ્ર ઉપર બંધાયેલું છે ?

(A) કલકત્તા
(B) કન્યાકુમારી
(C) ઈન્દિરા પોઈન્ટ
(D) કોવાલમ

7. ગુજરાતનાં લોકસમુદાયમાં નાગ વિવિધ રૂપે પૂજ્ય છે. જે પૈકી પંચમહાલ અને ખેડામાં કયા નામે પૂજાય છે ?

(A) ચારમલિયા દાદા
(B) વાસુકી દેવ
(C) ભાથી ખત્રી
(D) ગોગા નારાયણ

8. ગુજરાતના સંગ્રહાલયો અને તેના સ્થળની જોડી પૈકી કઈ જોડી સાચી નથી ?

(A) ધીરજબહેન પરીખ બાળ સંગ્રહાલય – કપડવંજ
(B) ગિરધરભાઈ બાળ મ્યુઝિયમ – અમરેલી
(C) ઢિંગલી મ્યુઝિયમ – રાજકોટ
(D) ગાંધી સ્મૃતિ મ્યુઝિયમ – અમદાવાદ

9. પલ્લીના મેળા દરમિયાન કયા માતાજીની પલ્લીને શુદ્ધ ઘી ચઢાવવાની પરંપરા રહેલી છે ?

(A) આશાપુરા માતા
(B) ખોડિયાર માતા
(C) વરદાયિની માતા
(D) હિંગળાજ માતા

10. યહૂદી ધર્મના પ્રમુખ તહેવારો પૈકી કયો સૌથી મહત્વનો તહેવાર છે કે જે મિસ્ર (ઈજિપ્ત)ની ક્રૂર ગુલામીમાંથી મુક્તિ મળવાના ઉપલક્ષ્યમાં ઉજવાય છે ?

(A) પૂરિમ
(B) પાસોવર
(C) રોશહાશના
(D) સબ્બથ

P.T.O.

11. નીચેનામાંથી કયો મૂળભૂત અધિકાર નથી ?

(A) બંધારણીય ઈલાજોનો અધિકાર
(B) સમાનતાનો અધિકાર
(C) બંધુત્વ અને ન્યાયનો અધિકાર
(D) શિક્ષણ અને સાંસ્કૃતિક અધિકાર

12. બંધારણની કઈ કલમ અસ્પૃશ્યતા નાબૂદ કરે છે અને તેના આચરણ પર પ્રતિબંધ ફરમાવે છે ?

(A) કલમ-19
(B) કલમ-18
(C) કલમ-17
(D) કલમ-16

13. રાજ્યસભાના સભ્યો કોના દ્વારા ચૂંટાય છે ?

(A) લોકસભાના સભ્યો દ્વારા
(B) લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે
(C) રાજ્યની વિધાનસભા અને લોકસભાના સભ્યો દ્વારા
(D) રાજ્યની વિધાનસભાના સભ્યો દ્વારા

14. નીચેનામાંથી કઈ સંસ્થા બંધારણીય સંસ્થા નથી ?

(A) નાણાપંચ
(B) ચૂંટણી પંચ / આયોગ
(C) સંઘ લોકસેવા આયોગ
(D) નીતિ આયોગ

15. ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો સમાવેશ કરવાનો હેતુ શું સ્થાપવાનો છે ?

(A) સામાજિક અને આર્થિક લોકશાહી
(B) કાયદાકીય લોકશાહી
(C) ગાંધીયન લોકશાહી
(D) રાજકીય લોકશાહી

16. ભારતીય બંધારણના સંદર્ભમાં કયું જોડકું સાચુ નથી ?

(A) વન – સમવર્તી સૂચિ
(B) સ્ટોક એક્સચેન્જ – સમવર્તી સૂચિ
(C) પોસ્ટ ઑફિસ બેન્ક – સંઘીય સૂચિ
(D) લોક સ્વાસ્થ્ય અને સ્વચ્છતા – રાજ્ય સૂચિ

17. ઈ-કુબેર શું છે ?

(A) RBI ની કોર બેન્કિંગ સુવિધા
(B) ભારતીય પોસ્ટની કોર બેન્કની સુવિધા
(C) બેન્ક માટે સરકાર દ્વારા બનાવેલ ઓનલાઈન પોર્ટલ
(D) RBI માટે DRDO દ્વારા બનાવેલ એન્ટી વાયરસ સોફ્ટવેર

18. GST કાઉન્સિલની અધ્યક્ષતા કોણ કરે છે ?

(A) નાણાંમંત્રી
(B) નાણાં સચિવ
(C) મુખ્ય આર્થિક સલાહકાર
(D) પ્રધાનમંત્રી

19. બજેટના હિસાબ-કિતાબની તપાસ ભારતીય સંસદ કોના દ્વારા કરાવે છે ?

(A) આકારણી સમિતિ
(B) જાહેર હિસાબ સમિતિ
(C) વિશેષાધિકાર સમિતિ
(D) હિસાબ-કિતાબ સમિતિ

20. જૈવિક ખેતીને પરિણામે –

1. જમીનની ગુણવત્તા સુધરે છે.
2. આરોગ્યપ્રદ આહાર ઉત્પન્ન થાય છે.
3. ઉત્પાદક્તામાં વધારો થાય છે.
4. જંતુઓનો ઉપદ્રવ ઓછો થાય છે.

ઉપરનામાંથી શું સાચું છે ?

(A) 1, 2 અને 3
(B) 1, 2, 3 અને 4
(C) 2 અને 4
(D) 1 અને 4

21. Indian Financial System Code – IFSC કેટલા ડિજિટનો હોય છે ?

(A) 4
(B) 8
(C) 11
(D) 13

22. ભારત સ્ટાન્ડર્ડ્સ (BS) નોર્મ્સ શું છે ?

(A) વાહનો દ્વારા ઉત્સર્જીત કરાતા વાયુઓમાં રહેલા પ્રદૂષકોના સંદર્ભમાં માનક
(B) ભારતીય કેરીની ગુણવત્તા સંદર્ભના માનકો
(C) પુરાતન ભારતીય ચરિત્રો પરનો સંગ્રહ
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહીં

23. કમ્પ્યુટરની પ્રથમ ભાષા કઈ હતી ?

(A) ORACLE
(B) COBOL
(C) CLUE
(D) FORTRAN

24. ટેસ કયા પ્રકારનો ઉપગ્રહ છે ?

(A) સૈન્ય જાસુસી ઉપગ્રહ
(B) સરોવરો, તળાવોનો અભ્યાસ કરતો ઉપગ્રહ
(C) ખડકોનો અભ્યાસ કરતો ઉપગ્રહ
(D) મનોરંજન ઉપગ્રહ

25. પોસિડોન - 8I (P-8I) કયા પ્રકારનું વિમાન છે ?

(A) મલ્ટીરોલ કોમ્બેટ
(B) જાસૂસી વિમાન
(C) માલવાહક વિમાન
(D) પેસેન્જર વિમાન

26. ભારતમાં સ્વદેશ નિર્મિત પ્રથમ સબમરીન કઈ હતી ?

(A) INS ચક્ર
(B) INS જલપરી
(C) INS શાલ્કી
(D) INS પ્રહાર

27. નર્મદા નદીનું ઉદ્‌ભવ સ્થાન કયું છે ?

(A) ત્ર્યંબકના ડુંગરમાંથી
(B) ગાવિલગઢની ટેકરીઓ પાસેથી
(C) વિંધ્યાચળના અમરકંટક પાસેથી
(D) મહાબળેશ્વર પાસેથી

28. લિગ્નાઈટનો ઉપયોગ શાના માટે થાય છે ?

(A) તાંબુ મેળવવા માટે
(B) સોનુ મેળવવા માટે
(C) એલ્યુમિનિયમ મેળવવા માટે
(D) વીજળી ઉત્પન્ન કરવા માટે

29. નીચેનામાંથી કોનો સમાવેશ પશ્ચિમ ઘાટ (સહ્યાદ્રી) પર્વતમાળામાં થતો નથી ?

(A) પારનેરાની ટેકરીઓ
(B) ખાંડ આંબાનો ડુંગર
(C) અસિકાનો ડુંગર
(D) રાજપીપળાની ટેકરીઓ

30. જૂમ (Jhoom) શું છે ?

(A) એક નદીનું નામ
(B) એક લોકનૃત્ય
(C) કૃષિ (ખેતી)નો એક પ્રકાર
(D) ભારતમાં ઉત્તરપૂર્વની એક જનજાતિ

31. તેલંગાણા તથા આંધ્રપ્રદેશમાં નકસલીઓ તથા માઓવાદીઓ વિરૂદ્ધ કાર્યવાહી માટે કયા નામનું વિશેષ દળ કાર્યરત છે ?

(A) બ્લેક પેન્થર
(B) ગ્રેહાઉન્ડ્સ
(C) રેડ ફ્લેગ
(D) બ્લુ ફ્લેગ

32. તાજેતરમાં ભારતે ચંદ્રયાન-3 મિશન સફળતાપૂર્વક કયા સેન્ટર ખાતેથી લોન્ચ કર્યું હતું ?

(A) વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર, થીરૂવનંતપુરમ (કેરળ)
(B) ઈસરો સેટેલાઈટ સેન્ટર, બેંગલુરૂ (કર્ણાટક)
(C) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ એન્ડ ટેકનોલોજી, થીરૂવનંતપુરમ (કેરળ)
(D) સતીશ ધવન સ્પેસ સેન્ટર, શ્રી હરિકોટા (આંધ્રપ્રદેશ)

33. સુશ્રી પારૂલ ચૌધરી કઈ રમત સાથે સંકળાયેલ ખેલાડી છે ?

(A) તરણ (સ્વિમિંગ)
(B) ટેબલ ટેનિસ
(C) દોડ
(D) શૂટિંગ

34. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ફ્રાન્સ મુલાકાત દરમિયાન ફ્રાન્સના સર્વોચ્ચ નાગરિક અને લશ્કરી સન્માન "..........." થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

(A) ઓર્ડર ઓફ ઝાયેદ
(B) ગ્રાન્ડ ક્રોસ ઓફ ધ લીજન ઓફ ઓનર
(C) લીજન ઓફ મેરિટ
(D) ધ ઓર્ડર ઓફ સેન્ટ એન્ડ્રયુ ધ એપોસ્ટલ (The Apostle)

35. G20 ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપની ત્રીજી બેઠક નીચેના પૈકી કયા સ્થળે કરવામાં આવી હતી ?

(A) કેવડીયા, ગુજરાત
(B) ગુરૂગ્રામ, હરિયાણા
(C) ગાંધીનગર, ગુજરાત
(D) ઈન્દોર, મધ્યપ્રદેશ

36. નીચે આપેલ છંદો પૈકી કયો છંદ માત્રામેળ છંદ છે ?

(A) મંદાક્રાન્તા
(B) સ્ત્રગ્ધરા
(C) ચોપાઈ
(D) શિખરિણી

37. નીચે આપેલ પંક્તિમાં છંદ ઓળખાવો.

"બેઠી ખાટે ફરી વળી બધે મેડીઓ ઓરડામાં,
દીઠાં હેતે સ્મૃતિપડ બધાં ઊકલ્યાં આપ રૂડાં."

— બ. ક. ઠાકોર

(A) શિખરિણી
(B) સ્ત્રગ્ધરા
(C) વસંતતિલકા
(D) મંદાક્રાન્તા

38. "કીકી કરું બે નભતારલીની, ને મીટમાં માપું દિગંતરાલને,
માયા વીંધીને જળવાદળીની, અખંડ દેખું પળમાં ત્રિકાલને." - આ પંક્તિના લેખક નીચે પૈકી કોણ છે ?

(A) વેણીભાઈ પુરોહિત
(B) ઉમાશંકર જોષી
(C) બળવંતરાય ઠાકોર
(D) કલાપી

39. "ઈસ્ત્રી કરેલાં વસ્ત્ર જેવા, આ સુંવાળા શહેરના રસ્તા ગમે;
દાઢી ઊગેલાં, કરચલીવાળાં મુખો શાં, વનખેતરો મનમાં રમે."
- આ પંક્તિમાં નીચે આપેલ વિકલ્પો પૈકી કયો અલંકાર સાચો છે ?

(A) ઉપમા અલંકાર
(B) અનન્વય અલંકાર
(C) અતિશયોક્તિ અલંકાર
(D) વ્યાજસ્તુતિ અલંકાર

40. "પીળાં પર્ણો ફરી નથી થતાં કોઈ કાળે જ લીલાં,
ભાગ્યાં હૈયાં ફરી નથી થતાં કોઈ કાળે રસીલાં." - આ પંક્તિમાં નીચે આપેલ વિકલ્પો પૈકી સાચો અલંકાર ઓળખાવો.

(A) શ્લેષ અલંકાર
(B) અતિશયોક્તિ અલંકાર
(C) વ્યતિરેક અલંકાર
(D) દૃષ્ટાંત અલંકાર

41. નીચે આપેલ વિકલ્પો પૈકી ખોટું જોડકું શોધો ?

(A) જીવન = પાણી
(B) કર = હસ્ત
(C) રાગ = સ્નેહ
(D) લવણ = લસણ

42. "હોઠ હસે તો ફાગુન, ગોરી ! આંખ ઝરે તો સાવન,
મોસમ મારી તું જ, કાળની મિથ્યા આવન-જાવન." - આ કાવ્યપંક્તિના લેખક કોણ છે ?

(A) ત્રિભુવનદાસ લુહાર
(B) રાવજી પટેલ
(C) હરીન્દ્ર દવે
(D) બળવંતરાય ઠાકોર

43. "રસહીન ધરા થૈ છે; દયાહીન થયો નૃપ; "નહીં તો ના બને આવું", બોલી માતા ફરી રડી."
- આ પંક્તિના લેખક કોણ છે ?

(A) ગોવર્ધનરામ ત્રિપાઠી
(B) સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ
(C) બાલમુકુંદ દવે
(D) પ્રેમાનંદ

44. નીતે આપેલ "શબ્દસમૂહ માટે એક શબ્દ" પૈકી કયું ખોટું છે ?

(A) કલ્પી ન શકાય તેવું = અકલ્પ્ય
(B) ફરી જાય નહિ તેવું = અફર
(C) અમર બનાવે તેવું ફળ = અમરફળ
(D) અપરાધ કર્યો હોય એવો = કૃતજ્ઞ

P.T.O.

45. નીચે આપેલ વિકલ્પો પૈકી ''આર્તનાદ'' શબ્દનો સાચો આર્થ જણાવો.

(A) આપબળે વિકાસ સાધનાર
(B) દુઃખભર્યા પોકાર
(C) વાંસળી વગાડનાર
(D) ન સમજાય તેવું

46. નીચે આપેલ શબ્દો પૈકી કઈ જોડણી શુધ્ધ (સાચી) છે ?

(A) ગૃહસ્થ
(B) વ્રતાંત
(C) નાળિયેળ
(D) અનૂકુળ

47. નીચે દર્શાવેલ શબ્દ-સંધિમાંથી કયું ખોટું છે ?

(A) સત્ય + આગ્રહ = સત્યાગ્રહ
(B) સુ + આગત = સ્વાગત
(C) રાજા + ઈન્દ્ર = રાજીન્દ્ર
(D) સ્મરણ + અર્થે = સ્મરણાર્થે

48. ''ફંફોસ્યું સૌ ફરી ફરી અને હાથ લાગ્યુંય ખાસ્સું;
જૂનું ઝાડું, ટુથબ્રશ, વળી લક્સ સાબુની ગોટી.''
''જૂનું ઘર ખાલી કરતાં'' - કાવ્યની આ પંક્તિ કયા લેખકની છે ?

(A) પ્રહલાદ પારેખ
(B) નિરંજન ભગત
(C) ઉમાશંકર જોષી
(D) બાલમુકુન્દ દવે

49. નીચે આપેલ વિકલ્પોમાં એકવચન સંજ્ઞા તથા તેની બહુવચન સંજ્ઞા દર્શાવેલ છે. આ પૈકી કયુ ખોટું છે ?

(A) કવિ - કવિઓ
(B) ચોપડી - ચોપડીઓ
(C) દેવ - દેવી
(D) ગુરૂ - ગુરૂઓ

50. નીચે આપેલ વિકલ્પો પૈકી ''પારકી આશા સદા નિરાશ'' - આ કહેવતની વિરૂધ્ધાર્થી કહેવત શોધો.

(A) ઘરડાં ગાડાં વાળે
(B) અક્કર્મીનો પડિયો કાણો
(C) પંચ બોલે તે પરમેશ્વર
(D) વાડ વગર વેલો ન ચડે.

51. ''કાંકરે કાંકરે પાળ બંધાય.'' - આ કહેવતની સમાનાર્થી કહેવત શોધો.

(A) કરે ચાકરી તે પામે ભાખરી
(B) ટીંપે ટીંપે સરોવર ભરાય
(C) બોલે તેના બોર વેચાય
(D) દીવા પાછળ અંધારૂ

52. નીચે આપેલ શબ્દો પૈકી કઈ જોડણી શુધ્ધ (સાચી નથી) ?

(A) દરિયો
(B) અમારે
(C) બ્હેન
(D) કાઠિયાવાડ

53. નીચે આપેલ ગુજરાતી સાહિત્યકારો અને તેમના તખલ્લુસ પૈકી કયુ જોડકું સાચું નથી ?

(A) સ્નેહરશ્મિ - ત્રિભુવનદાસ લુહાર
(B) ધૂમકેતુ - ગૌરીશંકર જોષી
(C) ઉશનસ્ - નટવરલાલ પંડ્યા
(D) પ્રિયદર્શી - મધૂસૂદન પારેખ

54. ''વિચારોના વૃંદાવનમાં''ના લેખો નીચે આપેલ વિકલ્પો પૈકી કયા લેખકે લખેલ છે ?

(A) રાવજી પટેલ
(B) માધવ રામાનુજ
(C) શ્રી ગુણવંત શાહ
(D) વનરાજ માલવી

55. કવિ કલાપી ગુજરાતમાં નીચે આપેલ પૈકી ક્યાંના હતા ?

(A) પાદરા
(B) બનાસકાંઠા
(C) સાવલી
(D) લાઠી

56. ________ some money for the future or you will have to repent later on. (Fill in the blank).

(A) Put on
(B) Put by
(C) Put off
(D) Put out

57. One who believes in peace :- (give one word substitute).

(A) Pacifist
(B) Passimist
(C) Optimist
(D) Theist

58. 'Life is a dream' - (Identify the figures of speech in the sentence).

(A) Simile
(B) Metaphor
(C) Personification
(D) Hyperbole

59. He went Mumbai ________ he could consult the Physician.

(A) so that
(B) in order to
(C) in order that
(D) with a view to

60. He ________ early in the morning everyday (use the proper pharasal verb)

(A) get on
(B) get away
(C) gets up
(D) getting on

61. "To read between the lines" means.

(A) to discuss the private matter in public
(B) to understand the hidden or suggested meaning
(C) the essential facts of a matter
(D) to labour uselessly

62. ________ Ganga flows down from ________ Himalaya. (Fill in the blank with suitable articles).

(A) The, the
(B) A, the
(C) The, a
(D) —, The

63. There is no alternative now. I ________ pay the bill. (Fill in the blank with proper auxiliary word)

(A) need to
(B) should
(C) would
(D) must

64. The workers as well as their leaders ________ agreed on this point (choose the correct auxiliary)

(A) has
(B) have
(C) is
(D) are

65. Knowledge is called ________ the name of science and philosophy. (Fill in the blank with proper preposition)

(A) by
(B) in
(C) at
(D) for

66. 'Gratitude' (Find the antonyms)

(A) ungratitude
(B) ingratitude
(C) dishonest
(D) dishonour

67. Give the adjective form of 'Procedure'

(A) Preceding
(B) Proceeding
(C) Proceed
(D) Procedural

68. My friends are playing cricket near our school. (change the sentence into passive voice)

(A) Cricket is being played near our school by my friends.
(B) Cricket is played near our school by my friends.
(C) Cricket has been played near our school by my friends.
(D) Cricket was played near our school by my friends.

69. I can walk faster than you. (change the degree of the sentence)

(A) You cannot walk so fast as I
(B) You can walk faster than me
(C) You can not walk as fast as I
(D) You can not walk as fast as me

70. Our English teacher is satisfied ________ our work

(A) in
(B) to
(C) with
(D) at

71. He has not completed his work ________? (make a question tag)

(A) will you ?
(B) has he ?
(C) does it ?
(D) have he ?

72. "They will have served coffee" (Identify the tense of the sentence)

(A) Future perfect tense
(B) Future continuous tense
(C) Past perfect tense
(D) Present perfect tense

73. 'Available' (Find out the antonyms)

(A) rare
(B) scarce
(C) distance
(D) invisible

74. 'Compulsory' (Find out the synonyms)

(A) regular
(B) important
(C) dutiful
(D) obligatory

75. All ________ glitters is not gold (Fill in the blank with function word)

(A) which
(B) that
(C) as
(D) what

76. જાહેર આરોગ્ય કે લોક સ્વાસ્થ્યની વ્યાખ્યા કોણે આપી ?

(A) ડૉ. સી.ઈ.વિન્સ્લો
(B) ડૉ. જ્હોન સ્નો
(C) સર એડવિન ચેડવિક
(D) સર જોહાના પિટર ફ્રેંક

77. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ભારતને પોલિયો મુક્ત ક્યારે જાહેર કરવામાં આવ્યો ?

(A) 01-01-2011
(B) 01-04-2013
(C) 27-03-2014
(D) 15-05-2015

78. પ્રદૂષિત પાણીથી કોલેરા ફેલાય છે, તેવું કોણે સાબિત કર્યું ?

(A) સર એડવિન ચેડવિક
(B) ડૉ. સી.ઈ.વિન્સ્લો
(C) ડૉ. વિલિયમ બડ
(D) ડૉ. જ્હોન સ્નો

79. દૂધની વિશિષ્ઠ ઘનતા કયા સાધનથી શોધી શકાય છે ?

(A) થર્મોમીટર
(B) લેક્ટેમીટર
(C) બેરોમીટર
(D) સ્લીંગ સાઈકોમીટર

80. પાણીની અસ્થાયી કઠોરતા કઈ રીતે દૂર કરી શકાય છે ?

(A) પાણીને ઉકાળવાથી
(B) પાણીમાં ફટકડી નાખવાથી
(C) પાણીમાં ક્લોરિન વાયુ નાખવાથી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

81. 4 મીટર લાંબી, 5 મીટર પહોળી અને 6.5 મીટર ઉંચી ટાંકીને સંપૂર્ણ ભરતાં, તેમાં કેટલા લિટર પાણીનો સંગ્રહ થશે ?

(A) 150000 લિટર
(B) 65000 લિટર
(C) 90000 લિટર
(D) 130000 લિટર

82. રોગ થવા માટે જવાબદાર મહામારીય ત્રિકોણની સંકલ્પના કયા રોગમાં લાગુ પડતી નથી ?

(A) ટીબી (ક્ષય)
(B) કોલેરા
(C) ડાયાબિટીસ
(D) મેલેરિયા

83. કયો રોગ પશુ જન્ય (ઝૂનોટીક) રોગ નથી ?

(A) એન્થ્રેક્સ
(B) પ્લેગ
(C) વાળો (ગીનીવર્મ)
(D) હડકવા

84. ચેપી રોગોનું નિયંત્રણ કઈ રીતે કરી શકાય છે ?

(A) રોગોના સ્ત્રોતને ઘટાડવા
(B) બીમારીને ફેલાતી અટકાવવી
(C) યજમાનની રોગપ્રતિકારક શક્તિ વધારવી
(D) ઉપરોક્ત તમામ

85. પ્રાથમિક રોકથામ (પ્રિવેન્શન)ના સંદર્ભમાં શું સાચું નથી ?

(A) રોગકારક શરીરમાં પ્રવેશે તે પહેલાં પગલાં લેવાં
(B) આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવી
(C) રસીકરણ કરવું
(D) વહેલું નિદાન અને તુર્નજ સારવાર

86. લોહી ગંઠાઈ જવાની પ્રક્રિયા (બ્લડ ક્લોટીંગ)માં લોહીના કયા કણો અગત્યનો ભાગ ભજવે છે ?

(A) રક્તકણો
(B) ત્રાક કણો (પ્લેટલેટ્સ)
(C) શ્વેતકણો
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

87. ખોરાકના પાચનની શરૂઆત ક્યાંથી થાય છે ?

(A) મુખગુહા (B) જઠર

(C) નાનું આંતરડું (D) મોટું આંતરડું

88. એન્ટેમીબા હિસ્ટોલીટીકા (ઈ.હિસ્ટોલીટીકા) નામના પ્રોટોઝૂઆથી કયો રોગ થાય છે ?

(A) એપિડેમીક ટાયફસ (Epidemic Typhus) (B) અમીબાયાસીસ (એક જાતનો મરડો)

(C) શ્વેતપહર (D) કાલા આઝાર

89. કયો રોગ વાયરસથી થતો રોગ નથી ?

(A) હર્પિસ ઝોસ્ટર (B) ઓરી

(C) હડકવા (D) ધનૂર

90. વાહન જન્ય પ્રસારણથી ફેલાતા રોગોમાં કયા રોગનો સમાવેશ થતો નથી ?

(A) ટાઈફોઈડ (B) કોલેરા

(C) ઝાડા (D) પિત્તજ્વર (યલો ફીવર)

91. અંકુશકૃમિ (હુક વોર્મ) કયા રોગ માટે જવાબદાર છે ?

(A) પાંડુ રોગ (એનેમીયા) (B) મરડો

(C) ટિનીયાસીસ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

92. કઈ દવા કૃમિનાશક દવા નથી ?

(A) આલ્બેન્ડાઝોલ (B) મેબેન્ડાઝોલ

(C) પાયરેન્ટલ પામોએર (D) બેન્જાઈલ બેન્ઝોએર

93. એક મહિનાના બાળકમાં એક મિનીટમાં શ્વાસોશ્વાસ (શ્વસનગતિ)નો દર કેટલો હોય તો તે બાળકને ન્યુ.મોનિયા થયો છે તેમ કહી શકાય ?

(A) 50 કે તેથી વધારે (B) 40 કે તેથી વધારે

(C) 60 કે તેથી વધારે (D) 70 કે તેથી વધારે

94. સક્રિય રોગ પ્રતિકારક શક્તિ કઈ રીતે મળી શકતી નથી ?

(A) રોગ થવાથી (B) એન્ટિસીરાના ઈન્જેક્શન લેવાથી

(C) સબ ક્લિનીકલ ચેપથી (D) રસી કરણ દ્વારા

95. વેક્સિન વાયલ મોનિટર (VVM)નો સૌ પ્રથમ ઉપયોગ કઈ રસી (વેક્સિન)માં કરવામાં આવ્યો ?

(A) ઓરલ પોલિયો વેક્સિન (ઓ.પી.વી. મોં દ્વારા અપાતી બાળ લકવાની રસી)

(B) બી.સી.જી.

(C) ત્રિગુણી રસી (ડીપીટી)

(D) મીઝલ્સ (ઓરી) વેક્સિન

96. કઈ રસી લાઈવ એટીન્યુટેડ (તિવ્રતા ઓછી કરેલ જીવંત વિષાણુ કે જીવાતુ ધરાવતી) રસી નથી ?

(A) ત્રિગુણી રસી (B) ઓરલ પોલિયો વેક્સિન ઓ.પી.વી.

(C) બી.સી.જી. (D) યલો ફીવરની રસી

97. પેન્ટાવેલન્ટ રસી કયા રોગ સામે રક્ષણ આપતી નથી ?

(A) ધનૂર
(B) ડિપ્થેરિયા
(C) હિપેટાઈટીસ એ (સાદો કમળો)
(D) એચ.ઈન્ફલુએન્ઝા બી થી થતા રોગ

98. એક મહિનાથી નાના બાળકને બી.સી.જી. રસીનો કેટલો ડોઝ આપશો ?

(A) 0.1 મી.લી
(B) 0.05 મી.લી
(C) 0.5 મી.લી
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

99. બહુરૂપતા (pleomorphism) કયા રોગમાં જોવા મળે છે ?

(A) અછબડા
(B) શિતળા
(C) ઓરી
(D) ટાઈફોઈડ

100. મોં માં પહેલી અને બીજી દાઢની ઉપરની ભાગે આવેલ શ્લેષ્મ ત્વચા ઉપર દેખાતા રાખોડી રંગના ચકામા (કોપ્લીક સ્પોટ) કયા રોગના બહુ વહેલા નિદાન માટે ઉપયોગી છે ?

(A) અછબડા
(B) શિતળા
(C) ડિપ્થેરીયા
(D) ઓરી

101. માયકોબેક્ટેરીયમ ટ્યૂબરક્યુલોસિસ નામના જીવાણુની શોધ કયા વૈજ્ઞાનિકે કરી ?

(A) ડૉ. રોબર્ટ કોક
(B) ડૉ. રોનાલ્ડ રોશ
(C) ડૉ. હેન્સન
(D) ડૉ. આલ્ફોન્સ લેવરન

102. ટીબીની સારવારમાં અપાતી કઈ ગોળી લેવાથી લાલ રંગનો પેશાબ આવી શકે છે ?

(A) આઈસોનાયાઝઈડ
(B) રિફામ્પીસીન
(C) પાયરાઝીનામાઈડ
(D) ઈથામ્બ્યુટોલ

103. આમાંથી કયા જીવાણુ ઝાડાનો રોગકારક નથી ?

(A) વિબ્રીઓ કોલેરી
(B) ઈ.કોલાઈ (E.Coli)
(C) સાલમોનેલા
(D) ટાર્સીનીઆ પેસ્ટિસ

104. ફાલ્સીપરમ મેલેરિયાની સારવારમાં અપાતી આર્ટીસ્યુનેટ કોમ્બીનીશન થેરાપી (ACT) માં કઈ દવાનો સમાવેશ થયેલ નથી ?

(A) આર્ટીસ્યુનેટ
(B) ક્લોરોક્વીન
(C) સલ્ફાડોક્ષીન + પાયરામીથામીન
(D) પ્રિમાક્વીન

105. 30000 ની વસ્તી ધરાવતા પ્રા.આ.કેન્દ્રમાં 2022ના વર્ષમાં મેલેરિયાના 45 પોઝીટીવ કેસ જાહેર થયેલ છે. આ પ્રા.આ.કેન્દ્રનો 2022ના વર્ષનો એન્યુઅલ પેરાસાઈટીક ઈન્સીડન્સ (API) કેટલો ?

(A) 1.5
(B) 15
(C) 3
(D) 30

106. પુખ્ત મચ્છરોના નાશ માટે ઈન્ડોર રેસિડ્યુઅલ (અવશેષ) સ્પ્રે (IRS) તરીકે ઘરની અંદર હાલ કઈ દવાનો છંટકાવ કરવામાં આવે છે ?

(A) ડેલ્ટામેથ્રીન
(B) આલ્ફા સાયપર મેથ્રીન
(C) ડી.ડી.ટી.
(D) મેલેથીયોન

107. મેલેરિયા નિયંત્રણ માટેની પોરાનાશક કામગીરીમાં કોનો ઉપયોગ થતો નથી ?

(A) એબટ (ટેમોફોસ)
(B) બી.ટી.આઈ.
(C) મેલેરિયા લાર્વીસાઈડ ઓઈલ
(D) પાયરેથ્રમ 2%

108. 'ડેન્ગ્યુ' તાવ કયા મચ્છરની ચેપી માદાના કરડવાથી થાય છે ?

(A) એનોફિલીસ
(B) ક્યુલેક્ષ
(C) મેન્સોનીઆ
(D) એડીસ ઈજીપ્તી

109. મચ્છર દ્વારા મેલેરિયા ફેલાય છે તેવું કોણે સાબિત કર્યું ?

(A) ડૉ. રોનાલ્ડ રોશ
(B) ડૉ. રોબર્ટ કોક
(C) ડૉ. લુઈસ પાશ્ચ્યુર (Louis Pasteur)
(D) ડૉ. વિલિયમ બડ

110. કાલા આઝાર રોગનો વાહક કોણ છે ?

(A) ચાંચડ
(B) મેન્સોનીઆ મચ્છર
(C) સેન્ડ ફ્લાય (મરૂ મખ્ખી - મરૂ માખી)
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

111. નવજાત શિશુઓમાં ધનૂરની રોકથામ કેવી રીતે કરી શકાય ?

(A) સગર્ભા માતાઓનું યોગ્ય રસીકરણ
(B) સંસ્થાકીય સુવાવડ
(C) સુવાવડ વખતે ડિસ્પોઝેબલ ડીલીવરી કીટનો ઉપયોગ
(D) ઉપરોક્ત તમામ

112. બહુ જીવાવુતા (મલ્ટીબેસીલરી - એમ.બી.) રક્તપિત્તની સારવારમાં કઈ દવા વપરાતી નથી ?

(A) રિફામ્પીસીન
(B) મીનોસાયક્લીન
(C) ડેપ્સોન
(D) ક્લોફાઝીમાઈન

113. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સૂચિત ઓ.આર.એસ. પેકેટના બંધારણમાં સોડીયમ ક્લોરાઈડ (ખાવાનું મીઠું) કેટલા ગ્રામ હોય છે ?

(A) 2.5 ગ્રામ
(B) 2.9 ગ્રામ
(C) 3.5 ગ્રામ
(D) 1.5 ગ્રામ

114. લેપ્ટોસ્પાયરોસીસના કેસ સામાન્ય રીતે કયા જિલ્લામાં જોવા મળતા નથી ?

(A) સુરત
(B) તાપી
(C) વલસાડ
(D) કચ્છ

115. હ્યુમન ઈન્યુનો ડેફિસીયન્સી વાયરસ (એચ.આઈ.વી.) શરીરના કયા કોષો ઉપર ત્રાટકી તેનો નાશ કરે છે ?

(A) રક્ત કણ
(B) ટી-4 લીમ્ફોસાઈટ
(C) ત્રાકકણ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

116. ભારતમાં અંધત્વનું મુખ્ય કારણ કયું છે ?

(A) મોતિયા બિંદુ (કેટરેક્ટ)
(B) વિટામીન 'એ'ની ઉણપ
(C) ઝામર (ગ્લુકોમા)
(D) નેત્રખીલ

117. સારા પરામર્શક (કાઉન્સેલર) માટેની આવશ્યક બાબતોમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) લાભાર્થીના મિત્ર બનવું
(B) સાચી અને સંપૂર્ણ માહિતી આપવી
(C) લાભાર્થીને ધીરજથી સાંભળવું
(D) સમજણ ન પડેતો લાભાર્થી ઉપર ગુસ્સે થવું

118. ભોજનમાં કેસરી દાળ લાંબા સમજ સુધી લેવાથી કયો રોગ થાય છે ?

(A) પેલાગ્રા
(B) લેથીરીઝમ (Lathyrism)
(C) ગોઈટર
(D) એપિડેમીક ડ્રોપ્સી

119. વિચાર વિનિમય પ્રક્રિયા (સંવાદ)માં કઈ બાબત અવરોધક નથી ?

(A) અભ્યાસ
(B) પૂર્વ ધારણાઓ
(C) ભાષા
(D) શારીરિક ખોડ ખાંપણ

120. કયા ખોરાકમાંથી લોહતત્વ નગણ્ય (નહિવત) પ્રમાણમાં મળે છે ?

(A) માંસ
(B) દૂધ
(C) માછલી
(D) ખજૂર

121. પેલાગ્રા કઈ વિટામીનની ઉણપથી થતો રોગ છે ?

(A) વિટામીન એ
(B) વિટામીન બી-1
(C) વિટામીન સી
(D) વિટામીન બી-3 (નાયાસીન)

122. બેક્ટેરીઓલોજીકલ તપાસ માટે પાણીના નમૂના લેવાની પ્રક્રિયામાં શું સાચું નથી ?

(A) નળને સ્પિરિટ લેમ્પની જ્યોતથી જંતુમુક્ત કરવો
(B) તપાસ માટે શરૂઆતનું જ પાણી લેવું
(C) બોટલ બરોબર બંધ કરવી
(D) જરૂરી વિગતો સાથેનું લેબલ લગાડવું

123. ભારતમાં સૌથી પહેલો કયો રાષ્ટ્રીય કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ ?

(A) રાષ્ટ્રીય મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમ
(B) રાષ્ટ્રીય મેલેરિયા નિર્મૂલન કાર્યક્રમ
(C) રાષ્ટ્રીય કુટુંબ નિયોજન (પરિવાર કલ્યાણ) કાર્યક્રમ
(D) રાષ્ટ્રીય ક્ષય રોગ (ટીબી) નિયંત્રણ કાર્યક્રમ

124. શહેરી વિસ્તારમાં મૂળભૂત સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે કઈ કમિટીએ ભલામણ કરેલ ?

(A) કરતારસિંહ કમિટી
(B) શ્રીવાસ્તવ કમિટી
(C) કૃષ્ણન કમિટી
(D) જંગલવાલા કમિટી

125. મ્યુનિસિપલ કોર્પોરેશનની આરોગ્ય સંબંધિત કામગીરીની ટેકનિકલ જવાબદારી કોર્પોરેશનના કયા અધિકારીની છે ?

(A) ડેપ્યુટી મ્યુ. કમિશનર (હેલ્થ)
(B) મ્યુનિસિપલ કમિશનર
(C) ડેપ્યુટી હેલ્થ ઓફિસર
(D) હેલ્થ ઓફિસર

126. પાંચ વર્ષથી નાના બાળકોના ક્લિનિકના પ્રતિકમાં ઉંધો ત્રિકોણ શું બતાવે છે ?

(A) બાળ વિકાસ દેખરેખ
(B) પરિવાર કલ્યાણ
(C) માંદગીમાં સારવાર
(D) રોગોની રોકથામ

127. ભારતની જનસંખ્યાના સંદર્ભે કયા વર્ષને "મોટું વિભાજક" વર્ષ કહેવામાં આવે છે ?

(A) ઈ.સ. 1920
(B) ઈ.સ. 1921
(C) ઈ.સ. 1931
(D) ઈ.સ. 1922

128. આંતર ગર્ભાશય ગર્ભ નિરોધક ઉપકરણ (આઈ.યુ.ડી. આંકડી)નો સૌથી પહેલાં સફળતાપૂર્વક ઉપયોગ કોણે કર્યો ?

(A) ડૉ. ગ્રેફનબર્ગ
(B) ડૉ. સિપ્પીસ
(C) હાવર્ડ ટેટમ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

129. નર્સિંગહોમની નોંધણી કયા કાયદા હેઠળ થાય છે ?

(A) નર્સિંગ હોમ નોંધણી કાયદો 1951
(B) ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ 1952
(C) ધી બોમ્બે નર્સિંગ હોમ રજીસ્ટ્રેશન એક્ટ 1949
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

130. એપેડેમિક ડીસીજ એક્ટ 1897 હેઠળ રોગચાળા વખતે મ્યુનિસિપાલિટી કઈ કાર્યવાહી કરી શકે ?

(A) રોગચાળો પ્રસરતો અટકાવવા જરૂરી પગલાં લેવાં
(B) રોગચાળો થતો અટકાવવા જરૂરી પગલાં લેવાં
(C) કોઈ અધિકારી કે એજન્સીની નિમણૂંક કરવી
(D) ઉપરોક્ત તમામ

131. જાહેર સ્વાસ્થ્ય અંતર્ગત સર્વેલન્સ (નીગરાણી) સંદર્ભે શું સાચું નથી ?

(A) સર્વેલન્સ સતત ચાલતી પ્રક્રિયા છે.
(B) તમામ રોગોની માહિતી એકઠી કરવામાં આવે છે.
(C) મેળવેલ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે.
(D) સર્વેલન્સથી 5 વર્ષથી નાનાં બાળકોનો મૃત્યુદર ઘટી શકે છે.

132. ભારતમાં સૌથી ઓછો માતા મૃત્યુ દર કયા રાજ્યનો છે ?

(A) ગુજરાત
(B) પંજાબ
(C) કર્ણાટક
(D) કેરલ

133. બાળકોના આરોગ્ય, પોષણ અને શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ રૂપથી કાર્યકરનાર વિશ્વવ્યાપી સંસ્થા કઈ છે ?

(A) યુનિસેફ
(B) આંતરરાષ્ટ્રીય રેડક્રોસ (Red Cross)
(C) રોકફેલર ફાઉન્ડેશન
(D) કેર (CARE)

134. સેપ્ટીક ટેંકના સંદર્ભે કઈ બાબત સાચી નથી ?

(A) જ્યાં ગટર લાઈન હોતી નથી, ત્યાં બનાવવામાં આવે છે.

(B) સેપ્ટીક ટેંકમાં મળમૂત્ર ખૂબ જ ધીમા વેગથી વહે છે.

(C) નીચે ઠરેલા ઘનપદાર્થને અવમળ (સ્લજ) કહે છે.

(D) આ સ્લજ પર એરોબિક જીવાણુઓ પ્રક્રિયા કરે છે.

135. સ્વચ્છતા પૂર્વક ભૂમિપૂરણ (સેનીટરી લેન્ડ ફીલીંગ)ની કઈ પદ્ધતિનો ઉપયોગ કરી ઘન કચરાનો નિકાલ કરવામાં આવે છે ?

(A) ક્ષેત્ર પદ્ધતિ
(B) ઢોળાવ પદ્ધતિ
(C) લાંબા સાંકડા ખાડાની પદ્ધતિ
(D) ઉપરોક્ત તમામ

136. સામાન્ય રીતે કયા પ્રકારના મેડિકલ વેસ્ટમાં ભસ્મીકરણ (Incineration) ની પ્રક્રિયા કરવામાં આવતી નથી ?

(A) માનવપેશીઓ તથા અંગો

(B) ડિસ્પોઝેબલ વસ્તુઓ જેવી કે ટ્યૂબ, કેથેટર, આઈ.વી. સેટ વગેરે

(C) પશુ અવશિષ્ટ

(D) લોહી અને શરીરના કોઈપણ સ્ત્રાવથી દૂષિત થયેલ વસ્તુ

137. હોસ્પિટલ કચરા (મેડિકલ વેસ્ટ)ના મેનેજમેન્ટ (વ્યવસ્થાપન)ના તબક્કા કયા-કયા છે ?

(A) કચરાને અલગ-અલગ કરવો

(B) ચેપી કચરાનો નિકાલ કરતાં પહેલા તેને જંતુ રહિત કરવો

(C) અંતિમ સ્થળે સ્થળાંતર ન કરવામાં આવે ત્યાં સુધી નિયત કન્ટેનર (પ્લાસ્ટિક બેગ વગેરે)માં સંગ્રહ કરવો

(D) ઉપરોક્ત તમામ

138. શહેરી વિસ્તારમાં સામાન્ય રીતે એક વ્યક્તિને પ્રતિદિન કેટલા લિટર પાણીની આવશ્યક્તા રહે છે ?

(A) 50 લિટર
(B) 100 લિટર
(C) 130 લિટર
(D) 150 લિટર

139. 10000 લિટર પાણીના ક્લોરિનેશન (શુદ્ધિકરણ) માટે સારી ગુણવત્તા વાળો કેટલો બ્લીચીંગ પાવડર જોઈએ ?

(A) 2.5 ગ્રામ
(B) 10 ગ્રામ
(C) 25 ગ્રામ
(D) 40 ગ્રામ

140. 500 mg (મીલી ગ્રામ)ની એક ક્લોરિનની ગોળી કેટલા લિટર પાણીના શુદ્ધિકરણ માટે પૂરતી છે ?

(A) 20 લિટર
(B) 30 લિટર
(C) 40 લિટર
(D) 50 લિટર

141. સ્વચ્છ ભારત અભિયાન ક્યારે શરૂ કરવામાં આવેલ ?

(A) 26મી જાન્યુઆરી 2014
(B) 15મી ઓગષ્ટ 2014
(C) 2જી ઓક્ટોબર 2014
(D) 1લી ડિસેમ્બર 2014

142. ટકાઉપણું, ઓછું વજન વગેરે ગુણધર્મો ધ્યાને લેતાં પાણીના ઓછા જથ્થાના વહન (નાની વિતરણ વ્યવસ્થા) માટે કઈ પાઈપ વધુ યોગ્ય છે ?

(A) સ્ટીલ પાઈપ
(B) આર.સી.સી. પાઈપ
(C) એસ્બેસ્ટોસ સિમેન્ટ પાઈપ
(D) પોલી વિનાઈલ ક્લોરાઈડ (પી.વી.સી.) પાઈપ

143. દિવસના પ્રથમ અડધા ભાગ માટે મધ્યમ ગીચ વિસ્તારમાં એક સફાઈકર્મી બીટ માટે કેટલા રનીંગ મીટર રસ્તાની સફાઈ કરવાની ભલામણ કરવામાં આવેલ છે ?

(A) 250 થી 350 રનીંગ મીટર
(B) 400 થી 600 રનીંગ મીટર
(C) 650 થી 750 રનીંગ મીટર
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

144. હવામાં રહેલ સાપેક્ષ ભેજનું પ્રમાણ કયા સાધનથી મેળવી શકાય છે ?

(A) ગ્લોબ થર્મોમીટર
(B) બેરોમીટર
(C) કાટા થર્મોમીટર
(D) સ્લીંગ સાઈક્રોમીટર

145. કયા વાયુનો સમાવેશ ગ્રીન હાઉસ વાયુમાં થતો નથી ?

(A) હાઈડ્રોજન વાયુ
(B) કાર્બનડાયોક્સાઈડ વાયુ
(C) મિથેન
(D) ક્લોરોફ્લોરો કાર્બન

146. ગુજરાતમાં જુન 2023માં ત્રાટકેલ બીપરજોય ચક્રવાત (cyclone) કયા પ્રકારનું મહાસંકટ હતું ?

(A) મોટું માનવ સર્જીત મહાસંકટ
(B) મોટું કુદરતી મહાસંકટ
(C) નાનું માનવ સર્જીત મહાસંકટ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં

147. મળજળ (સુએઝ)ના નિકાલમાં વપરાતી ગ્રીટ ચેમ્બર બાબતે શું સાચું નથી ?

(A) ગ્રીટ ચેમ્બરમાં મળજળ પર થતી પ્રક્રિયા સૌથી પહેલી પ્રક્રિયા છે.
(B) મળજળને ગ્રીટ ચેમ્બરમાંથી પસાર કરવામાં આવે છે.
(C) આ ચેમ્બરની લંબાઈ 10 થી 20 મીટર જેટલી હોય છે.
(D) ગ્રીટ ચેમ્બરનું કાર્ય રેતી, કાંકરી, પથ્થર જેવા ભારે અજૈવિક પદાર્થોનું તળિયે કારણ કરવાનું છે.

148. ટૂંકા સમય માટેના મેળા, મેળાવડા અને કેમ્પમાં કેવા પ્રકારના અસ્થાયી શૌચાલય બનાવવામાં આવે છે ?

(A) ઉંડા ખાડા વાળા શૌચાલય
(B) છીછરા ખાડા વાળા શૌચાલય
(C) ખોદકુવા શૌચાલય
(D) સુલભ શૌચાલય

149. સામાન્ય ઓફિસ કાર્ય માટે કેટલા યુનિટ પ્રકાશ (પ્રકાશનો યુનિટ લક્સ છે) સૂચિત કરેલ છે ?

(A) 100 લક્સ
(B) 400 લક્સ
(C) 700 લક્સ
(D) 1000 લક્સ

150. બાયોગેસ અથવા ગોબરગેસ પ્લાન્ટમાં જૈવિક પદાર્થના વિઘટન દરમિયાન કયો વાયુ ઉત્પન્ન થાય છે ? કે જેનો ઉપયોગ રસોઈ બનાવવામાં કરી શકાય છે ?

(A) કાર્બન ડાયોક્સાઈડ વાયુ
(B) નાઈટ્રોજન વાયુ
(C) મિથેન વાયુ
(D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં